પટેલ જિતેન્દ્રકુમાર અમૃતલાલ
મદદનીશ શિક્ષક ગણિત-વિજ્ઞાન
(શ્રીમતી એમ.કે.પટેલ હાઈસ્કૂલ – ગોઝારિયા તા.જિ. મહેસાણા)

તા.૨૮/૦૮/૨૦૧૨ના રોજ ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ દ્વારા નજીકના સમયમાં ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં શિક્ષક ભરતી શરૂ થવાની શક્યતા છે તે અંતર્ગત **નવા રોસ્ટર** તૈયાર કરવા માટે **બાયસેગ કાર્યક્રમ** રજૂ કરવામાં આવ્યો. તે પ્રોગ્રામના કેટલાક અંશ મે બાયસેગ કાર્યક્રમ નિહાળતાં નોંધેલ હતા જે અત્રે આપની જાણકારી માટે મૂકેલ છે.**આ ફક્ત કાર્યક્રમ દરમ્યાન નોંધેલ વિગતો છે. અને જાણકારી માટે છે તેમાં ફેરફાર પણ હોઈ શકે છે.** રોસ્ટર તૈયાર કરવાનો પરિપત્ર કે નિયમો સરકારશ્રી દ્વારા જ્યારે લેખિત બહાર પાડવામાં આવશે ત્યારે આપના બ્લોગ પર મૂકવામાં આવશે.

નોંધનીય મુદ્દાઓ –

- ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં શિક્ષક ભરતી શરૂ થવાની શક્યતા છે.
- બાયસેગ કાર્યક્રમનો મુખ્ય હેતુ ખામી વિનાના અધ્યતન રોસ્ટર તૈયાર થાય તે હતો.
- રોસ્ટર તૈયાર કરી યોગ્ય જગ્યાએ પ્રમાણિત કરવું.
- જિલ્લાવાર રોસ્ટર ટકાવારી અલગ અલગ છે.
- વિકલાંગ માટે કુલ ૩ % અનામત રહેશે.
- ગુજરાત રાજ્યમાં SC 7 % , ST 15 % ,SEBC 27 % છે પરંતુ શાળા કક્ષાએ તૈયાર કરવાના રોસ્ટરમાં જિલ્લાની રોસ્ટર ટકાવારી ધ્યાનમાં લેવાની રહેશે.
- માધ્યમિક તથા ઉચ્ચત્તર બંને માટે અલગ અલગ રોસ્ટર બનાવવાનું રહેશે.
- આચાર્યની જગ્યા એકાકી ગણાશે એટલેકે આચાર્યનો સમાવેશ રોસ્ટરમાં કરવાનો રહેશે નહિ ફક્ત આચાર્ય તેવી નોંધ કરવાની રહેશે.
- સીધી ભરતીમાં ૨ પ્રયત્ન પછી અને બઢતીમાં ૩ પ્રયત્ન સુધી અનામત ન મળેતો જગ્યા બેંકલોગમાં ફેરવાશે.

- તા. ૦૮/૦૩/૧૯૯૯ ના રોજ કેટલા કર્મચારી નોકરી પર હયાત હોય તેટલાનો સમાવેશ કરી રોસ્ટર તૈયાર કરવું. તા. ૦૮/૦૩/૧૯૯૯ પહેલાં કેડર છોડી હોય તેમનો રોસ્ટરમાં સમાવેશ કરવો નહિ.
- બિન અનામતની જગ્યામાં મેરીટના ધોરણે અનામત શિક્ષકની ભરતી થઈ હોયતો તે જગ્યા બિનાનામતથી ભરાયેલ ગણાશે. તેની સામે ગુણવત્તાના ધોરણે ભરતી તેવી નોંધ કરવાની રહેશે.
- ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં 2.5 ના રેશિયાને તથા માધ્યમિક વિભાગમાં 1.5 ના રેશિયા મુજબ શિક્ષક ગણતરી કરવાની રહેશે. બંન્ને વિભાગના પગારધોરણ અને લાયકાત અલગ અલગ હોવાથી અલગ અલગ રોસ્ટર રજિસ્ટર બનાવવાના રહેશે.
- SEBC માટે 27 % અનામત રાજ્ય અને જિલ્લા બંને માટે કોમન છે.
- 18/12/2012 અગાઉ મોચી જાતિનો સમાવેશ SC માં થતો હતો અને 18/12/2012 પછી મોચી જાતિનો સમાવેશ SEBC માં થાય છે તેથી 18/12/2012 અગાઉ નિમણૂંક પામેલ મોચી જાતિના કર્મચારી (શિક્ષકશ્રી)નો સમાવેશ SC માં થશે.તેજ રીતે 18/12/2012 પછી નિમણૂંક પામેલ મોચી જાતિના કર્મચારી (શિક્ષકશ્રી)નો સમાવેશ SEBC માં થશે. આજ રીતે 1994 અગાઉ પ્રજાપતિ જ્ઞાતિનો સમાવેશ બિનઅનામતમાં થતો હતો અને 1994 પછી તેમનો સમાવેશ SEBC માં થયેલ છે તેથી રોસ્ટર રજિસ્ટર બનાવતા આ ખાસ ધ્યાને લેવું.
- ઉચ્ચત્તર માધ્યમિક અને માધ્યમિકના રોસ્ટર રજિસ્ટર અગાઉ જો ભેગા બનાવેલ હોયતો તે અલગ કરવાના રહેશે.
- શિક્ષણ સહાયક અને મદદનીશ શિક્ષણ સહાયક (જૂના શિક્ષક)ની નોંધ એકજ રોસ્ટર રજિસ્ટરમાં સળંગ નોંધણી થશે.અલગ રજિસ્ટર રહેશે નહી.
- ફાજલ શિક્ષકનો સમાવેશ તેની માતૃસંસ્થાના રોસ્ટર રજિસ્ટરમાં રહેશે. નિવૃત થતાં તેની નિવૃતિની જાણકારી માતૃસંસ્થાને કરવાની રહેશે.
- અત્રે બાયસેગ કાર્યક્રમ દરમ્યાન સાંભળવામાં આવેલી માહિતી લખેલ છે.આધારભૂત માહિતી (સૂચના) કમિશ્નરશ્રીની કચેરી કે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા પૂરી પાડવામાં આવે તે ધ્યાને લઈ કામગીરી કરવી.રોસ્ટર રજિસ્ટર સમજવામાં સરળતાથી રહે તે હેતુથી માહિતી આપવામાં આવી છે.

ખાસનોંધ – બાયસેગ કાર્યક્રમ દરમ્યાન નીચેની ટકાવારી નોંધેલ છે. વિભાગ દ્વારા પત્ર દ્વારા જણાવવામાં આવે તે જ આંકડાકીય માહિતી ધ્યાને લેવી.

વિવિધ જિલ્લા માટે અનામતની ટકાવારી નીચે મુજબ છે

ક્રમ	જિલ્લો	SC વર્ગ -3	ST વર્ગ -3	SC વર્ગ -4	ST વર્ગ -4
1	અમદાવાદ	11	10	10	14
2	અમરેલી	9	1	7	14
3	આણંદ	6	5	7	14
4	ખેડા	6	5	7	14
5	ભરૂચ	5	40	7	35
6	ભાવનગર	6	1	7	14
7	દાહોદ	4	40	7	30
8	ડાંગ	1	40	7	50
9	બનાસકાંઠા	10	7	10	14
10	ગાંધીનગર	7	5	7	14
11	જામનગર	7	1	7	14
12	જૂનાગઢ	8	1	7	14
13	કચ્છ	11	6	9	14
14	મહેસાણા	9	1	9	14
15	નવસારી	3	40	7	40
16	પંચમહાલ	4	40	7	30
17	પાટણ	9	1	9	14
18	પોરબંદર	8	1	7	14

19	રાજકોટ	7	1	7	14
20	નર્મદા	5	40	7	35
21	સાબરકાંઠા	9	17	9	17
22	સુરત	4	40	7	40
23	સુરેન્દ્રનગર	11	1	7	40
24	વલસાડ	3	40	7	40
25	વડોદરા	6	25	7	25
26	તાપી	4	40	7	40

ઉદાહરણ – અમદાવાદ જિલ્લાની વર્ગ 3 માં SC 11 % અને 10 % ની અનામત છે એટલેકે તેની ગણતરી નીચે મુજબ કરી શકાય.

રોસ્ટર ક્રમ અનામત કક્ષા

1 - GENERAL

2 - GENERAL

3 - GENERAL

4 - SEBC

5 - GENERAL

6 - GENERAL

7 - GENERAL

8 - SEBC

9 - GENERAL

10 - SC

આમ અમદાવાદ જિલ્લામાં Cycle 1 થી 11 ની રહેશે. આ રીતે જુદા જુદા જિલ્લાની Cycle ટકાવારી મુજબ અલગ અલગ હશે.